| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૨/૦૮/૨૦૨૨ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૩૨/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૨૧,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૩૩૭ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨ બિયર ટીન, ૨ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૭,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૫/૨૦૨૨**

**નરોડાઃ** હાર્દિકકુમાર પ્રહલાદભાઇ પારસ (રહે. આસોડીયા સોસાયટી વિભાગ-૧ લીમડા બસ સ્ટેશન પાછળ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૮/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૧/૦૮/૨૦૨૨ કલાક ૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા પાટીયા એસ.ટી.વર્કશોપની બાજુમા આવેલ દુકાન નં-૭ આદીત્ય ઓટો બજાજ કંપનીના શો-રૂમનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ શો-રૂમમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૪,૭૫,૦૮૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**રામોલઃ** સુધીરકુમાર જયંતીલાલ પંડ્યા (રહે. શિવાનંદ બંગ્લોઝ બાપા સીતારામ ચોક પાસે વસ્ત્રાલ) એ તા.૧૧/૦૮/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૨ બપોરના ૪/૦૦ થી તા.૧૦/૦૮/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનની બારીના સળીયા કાઢી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૮૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૬/૨૦૨૨**

**કાલુપુરઃ** કિરીટકુમાર ભીમભાઇ ભાવસાર (ઉ.વ.૫૩) (રહે. જાગૃત પોળ સ્વામિનારાયણ મંદીર રોડ કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૮/૨૦૨૨ વહેલી સવારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના બન્ને હાથના કાંડાના ભાગે છરીથી ઇજા કરી હતી. સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૮/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

**રામોલઃ** શશીકાંતભાઇ ભોગીલાલ પટેલ (ઉ.વ.૪૮) (રહે. રાજરત્ન બંગ્લોઝ એચ.બી.પટેલ ફાર્મ હાઉસ પાસે જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૮/૨૦૨૨ બપોરના ૪/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુરેલીયા સર્કલ પાસે પિલ્લર નંબર-૮૧ સામે વિષ્ણુનગર શોપીંગ સેન્ટર ફાયર સેફ્ટી ટ્રેડીંગ નામની દુકાન નંબર-૬ ખાતે પોતાની ઓફિસમાં પંખાના હુક સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.લોઢાં ચલાવે છે.

**વટવાઃ** અજીતકુમાર ઉર્ફે રાજ સ/ઓ વિનોદકુમાર છીપી (ઉ.વ.૩૪) (રહે. સોનુપાર્ક સોસાયટી નિગમ સોસાયટીની અંદર ઘોડાસર) એ બિમારીથી કંટાળી તા.૧૦/૦૮/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડાની પટ્ટી બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશસિહ કલ્યાણસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી